# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*******************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નૉર્વેના તેમના સમકક્ષ જોનાસ ગાહર સ્ટોર વેપાર અને રોકાણ, નવીનીકરણીય ઉર્જા, શિક્ષણ, સહિતના ક્ષેત્રમાં સહયોગને મજબૂત બનાવવા સંમત.**
2) **ભારત અને નૉર્વેએ યુક્રેન અને પશ્ચિમી એશિયા સંઘર્ષની સ્થિતિમાં શાંતિની વહેલી પુનઃ સ્થાપનાના પ્રયાસોનું સમર્થન કર્યું.**
3) **કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલે કહ્યું "વિકસિત ભારત" ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં વિશ્વની કોઈ શક્તિ ભારતને રોકી શકતી નથી.**
4) **ઈરાનના રાષ્ટ્રપ્રમુખે કહ્યું ઈરાન તેના હિતોનું રક્ષણ કરવા સક્ષમ.**
5) **IPL ક્રિકેટમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે ચેન્નઈમાં મુકાબલો.**

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM NORWAY-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નૉર્વેના તેમના સમકક્ષ જોનાસ ગાહર સ્ટોરે ઓસ્લોમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. બંને નેતાઓ ભારત-નોર્વે સંબંધોને હરિયાળી વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવા સંમત થયા. આ પ્રંસગે શ્રી મોદીએ કહ્યું કે ભારત નૉર્વે ના આ જોડાણથી અનેક વૈશ્વિક ઉપાયો મેળવી શકાશે.

(બાઇટ –PM MODI-ON GREEN ENERGY )

વાટાઘાટો દરમિયાન બંને નેતા દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી તથા વેપાર અને રોકાણ, નવીનીકરણીય ઉર્જા, શિક્ષણ, સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા સંમત થયા. શ્રી મોદીએ સંશોધન, શિક્ષણ અને નવિનતાને આ સંબંધોના મુખ્ય સ્તંભ ગણાવ્યા.

(બાઇટ- PM MODI ON AI STARTUP)

બંને નેતાઓએ ભારત-EFTA વેપાર અને આર્થિક ભાગીદારી કરારથી વેપાર, ટેકનોલોજી સહયોગ અને રોજગાર સર્જનમાં ઉદભવતી વિશાળ તકોનો પણ ઉલ્લેખ કર્યો.

શ્રી મોદીએ નોર્વેના ઇન્ડો-પેસિફિક મહાસાગર પહેલમાં જોડાવાના નિર્ણયનું પણ સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે બે મુખ્ય દરિયાઈ રાષ્ટ્ર તરીકે, ભારત અને નોર્વે દરિયાઈ અર્થતંત્ર, દરિયાઈ સુરક્ષા અને ક્ષમતા નિર્માણમાં સહયોગને વધુ મજબૂત બનાવશે.

# PM NORWAY-2

શ્રી મોદીએ કહ્યું કે ભારત અને નોર્વે બંને નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સંવાદ અને રાજદ્વારીમાં માને છે. તેમણે નોંધ્યું કે કોઈ પણ મુદ્દાનો ઉકેલ માત્ર સૈન્ય સંઘર્ષ દ્વારા લાવી શકાતો નથી. યુક્રેન અને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ કહ્યું કે બંને દેશ શાંતિની વહેલી પુનઃસ્થાપનાના તમામ પ્રયાસોને સમર્થન આપે છે.

બંને પ્રધાનમંત્રીઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું. પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોરે ભારત અને આતંકવાદ સામે વૈશ્વિક લડાઈ માટે મજબૂત સમર્થન વ્યક્ત કર્યું.

# PM - ITALY VISIT (V/C)

પાંચ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમનાં ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર આવતીકાલે બે દિવસ ઇટાલીના રોમ પહોંચશે.

શ્રી મોદી પ્રધાનમંત્રી મેલોની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ ઇટાલીના રાષ્ટ્રપ્રમુખ સર્જિયો મેટારેલાને પણ મળશે. શ્રી મોદી બંને દેશ વચ્ચે વેપાર અને રોકાણને વધુ પ્રોત્સાહન આપવા વ્યાપારી નેતાઓ સાથે વાટાઘાટો કરશે.

# AP-CM-PM CONGRATULATION

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વૈશ્વિક નેતાઓ માટે સ્વીડનના સર્વોચ્ચ સન્માન, રોયલ ઓર્ડર ઓફ ધ પોલર સ્ટાર કમાન્ડર ગ્રાન્ડ ક્રોસથી સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી નાયડુએ કહ્યું કે આ સન્માન પ્રધાનમંત્રીના નેતૃત્વ તેમજ ભારતની વૈશ્વિક ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવાના તેમના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

# CBI - NEET CASE

NEET પ્રશ્ન પત્ર ગેરરીતિ મામલે  કેસમાં રાષ્ટ્રીય તપાસ સંસ્થા CBIએ અત્યાર સુધીમાં દિલ્હી, જયપુર, ગુરુગ્રામ, નાસિક, પુણે, લાતુર અને અહલિયા નગરમાંથી દસ લોકોની ધરપકડ કરી છે. છેલ્લા 24 કલાકમાં, CBIએ વિવિધ સ્થળોએ પાંચ સ્થળોએ દરોડા પાડી અનેક ગુનાહિત દસ્તાવેજો, લેપટોપ અને મોબાઇલ ફોન જપ્ત કર્યા છે. અત્યાર સુધી કરાયેલી તપાસમાં ગેરરીતિ થવાના વાસ્તવિક સ્રોતનો ખુલાસો થયો છે.

આ કેસમાં CBI એ  NEET UG પરીક્ષા માટે કોચિંગ આપતી એક ઇન્સ્ટિટ્યૂટના માલિક પ્રોફેસર શિવરાજ મોટેગાંવકરની ધરપકડ કરી છે. તેની કુલ નવ શાખાઓ છે અને મુખ્ય શાખા લાતુરમાં છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VYAPAR MAHOTSAV – GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે વૈશ્વિક પડકારો અને અનિશ્ચિતતાઓ છતાં ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે. આજે નવી દિલ્હીમાં "ભારત વેપાર મહોત્સવ" માટે વેબસાઇટ પ્રારંભ કરાવતા શ્રી ગોયલે દરેક વ્યક્તિએ અથાગ મહેનત કરતા રહેવું જોઈએ તે વાત પર ભાર આપ્યો. તેમણે કહ્યું કે "વિકસિત ભારત 2047" ના લક્ષ્યને પ્રાપ્ત કરવા દેશના ઉદ્યોગો, વ્યાપારી સમુદાય અને લોકોમાં જુસ્સો એટલો મજબૂત છે કે વિશ્વની કોઈ શક્તિ ભારતને રોકી શકતી નથી.

(બાઇટ : પિયુષ ગોયલ)

શ્રી ગોયલે નોંધ્યું હતું કે ભારતનું અર્થતંત્ર સતત આગળ વધી રહ્યું છે અને નિકાસ પણ વધી રહી છે. તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે નિકાસ આશરે 863 બિલિયન ડોલર સુધી પહોંચી છે, જે ગયા વર્ષની સરખામણીમાં આશરે પાંચ ટકાનો વધારો છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો લક્ષ્ય એક ટ્રિલિયન ડોલરની સામૂહિક નિકાસ હાંસલ કરવાનો છે.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે "ભારત વેપાર મહોત્સવ" નો ઉદ્દેશ્ય સ્વદેશી વેપારને પ્રોત્સાહન આપવાનો અને ભારતીય માલ અને સેવાઓનો દેશ અને વિશ્વમાં વધુ ઝડપથી ફેલાવો સુનિશ્ચિત કરવાનો છે.

# GOVT-WEST ASIA BRIEF

સરકારે જણાવ્યું છે કે દેશમાં રિફાઇનરીઓ કાર્યરત છે અને પશ્ચિમ એશિયા સંઘર્ષને કારણે આયાતમાં વિક્ષેપ છતાં ભારતમાં પૂરતો ઈંધણનો જથ્થો છે. પશ્ચિમ એશિયામાં તાજેતરના સંઘર્ષ પર આજે નવી દિલ્હીમાં આંતર-મંત્રીમંડળ પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને કુદરતી ગેસનો પૂરતો સ્ટોક છે. તેમણે ભાર મૂક્યો કે કોઈપણ એલપીજી વિતરક પાસે કોઈ અછત નથી પરંતુ અફવાઓ ફેલાવાને કારણે, દેશના કેટલાક ભાગોમાં ગભરાટની ખરીદી જોવા મળી છે.

**(BYTE-સુજાતા શર્મા ઓન એલપજી)**

રસાયણ અને ખાતર મંત્રાલયના સંયુક્ત સચિવ, અપર્ણા એસ શર્માએ જણાવ્યું હતું કે ખરીફ સિઝન માટે ખાતરની ઉપલબ્ધતા રાજ્યોમાં 50 ટકાથી વધુ છે. દેશભરમાં બે લાખ મેટ્રિક ટનથી વધુ ખાતર ઉપલબ્ધ છે.

વિદેશ મંત્રાલયના અખાત વિભાગના અધિક સચિવ અસીમ મહાજને કહ્યું ભારતીય દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સ સમયસર સહાય પૂરી પાડવા ચોવીસ કલાક હેલ્પ લાઇન કાર્યરત રાખે છે અને દેશના નાગરિકોને સક્રિય રીતે મદદ કરી રહ્યા છે.

# IRAN - US TALKS

ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિઆને અમેરિકા સાથે વાટાઘાટો કરવાના તેહરાનના નિર્ણયનો બચાવ કર્યો છે, અને કહ્યું છે કે જ્યારે ઈરાન તેના રાષ્ટ્રીય અધિકારોનું રક્ષણ કરી રહ્યું છે ત્યારે ગૌરવ સાથે રાજદ્વારી કાર્યવાહી જરૂરી છે.

ઈરાનના રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે ઈરાન રાજદ્વારી જોડાણ ચાલુ રાખતા તેના હિતોનું રક્ષણ કરવા સંપૂર્ણરીતે સક્ષમ છે. તેમણે વધતા પ્રાદેશિક તણાવ વચ્ચે રાષ્ટ્રીય એકતાના મહત્વ પર પણ ભાર મૂક્યો.

# EVE. IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે ચેન્નઈ સુપર કિંગ્સ અને સન રાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે ચેન્નઇના એમ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે મેચ રમાઈ રહી છે. ચેન્નઈ સુપર કિંગ્સે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ મુજબ ચેન્નઈની ટીમે 4 ઓવરમાં 1 વિકેટે 46 રન બનાવ્યા છે.

ઉલેખનીય છે કે, પોઈન્ટ ટેબલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ 14 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને અને ચેન્નાઈ સુપર કિંગ્સ આ સિઝનમાં 12 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે .

બીજી તરફ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ પંજાબ કિંગ્સને 23 રને હરાવીને પ્લેઓફમાં ક્વોલિફાય થનારી પ્રથમ ટીમ બની છે.

# JITENDRA---US-DELEGATION

અમેરિકાના એક ઉચ્ચ સ્તરીય ઉદ્યોગ પ્રતિનિધિમંડળે આજે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ સાથે ભારતમાં પરમાણુ ક્ષેત્રમાં ખાનગી રોકાણ અને ઉદ્યોગ સહયોગ માટે ઉભરતી તકો અંગે ચર્ચા કરી.

આ પ્રસંગે બોલતા, ડૉ. સિંહે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા આજે વિજ્ઞાન, ટેકનોલોજી, સ્વચ્છ ઊર્જા અને ઉભરતા ક્ષેત્રોમાં મજબૂત અને ભવિષ્યલક્ષી ભાગીદારી ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે યુએસ-ઇન્ડિયા ટ્રસ્ટ પહેલના પ્રારંભથી મહત્વપૂર્ણ અને નવી ટેકનોલોજીમાં સહયોગ માટે નવા રસ્તા ખુલ્યા છે. વિઝન ફોર એ ડેવલપ્ડ ઇન્ડિયા 2047 હેઠળ ભારતના લાંબા ગાળાના સ્વચ્છ ઊર્જા લક્ષ્યોનો ઉલ્લેખ કરતા, ડૉ. સિંહે જણાવ્યું હતું કે ભારત 2047 સુધીમાં તેની પરમાણુ ઊર્જા ક્ષમતા વર્તમાન 8.8 ગીગાવોટથી વધારીને 100 ગીગાવોટ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

# NADDA-DG WHO

સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવા ખાતે યોજાયેલી 79મી વિશ્વ આરોગ્ય સભામાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિદેશક ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસને મળ્યા હતા. એક સોશિયલ મીડિયા સંદેશમાં, આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, શ્રી નડ્ડાએ વૈશ્વિક આરોગ્ય સમાનતાને આગળ વધારવા ભારતની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી, જેમાં આયુષ્માન ભારત ડિજિટલ મિશન, આયુષ્માન આરોગ્ય મંદિરો, પરંપરાગત દવા અને ક્ષય નાબૂદી તરફના સતત પ્રયાસો જેવી મુખ્ય પહેલો પર પ્રકાશ પાડવામાં આવ્યો. બેઠક દરમિયાન, વિશ્વ આરોગ્ય સંસ્થા - WHO ના DG એ ભારતના આરોગ્ય ક્ષેત્રના સુધારા અને વૈશ્વિક આરોગ્ય ભાગીદારીમાં નેતૃત્વની પ્રશંસા કરી હતી.